"Driving Salamat To Jivan Salamat"

# અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન

# Akhil Gujarat Truck Transport Association

૭૫, સહજાનંદ શોપીંગ સેન્ટર, સ્વામીનારાયણ મંદિર સામે,
શાહીબાગ રોડ, અમદાવાદ-૩૮૦ ००૪.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

75, Sahajanand Shopping Centre, Opp. Swaminarayan Temple,
Shahibaug Road, Ahmedabad-380 004.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

President :
SHRI VASANBHAI G. AHIR
(Gandhinagar)
(O) 079-23250205 (O) 079-23250206-09
(F) 079-23250285 (M) 99250 25148

Exec. President :
SHRI MUKESHBHAI C. DAVE
(Ahmedabad)
(O) 02718-261516
(M) 98240 39477

Hon. Secretary :
SHRI HASMUKHBHAI N. BHAGDEV
(Rajkot)
(O) 0281-2460837 (O) 0281-2482185
(F) 0281-2482186 (M) 93773 56801

---

રેફ.નં. : એ.જી.ટી.ટી.એ./૨૦૨૦-૨૧/૧૯ તા.૦૪-૦૨-૨૦૨૧

**<u>ખાસ જરૂરી</u>**

પ્રતિશ્રી,
**માન.શ્રી રાજેશભાઈ મંજુ સાહેબ**
વાહનવ્યવહાર કમિશ્નરશ્રી,
ગાંધીનગર, ગુજરાત રાજ્ય.

**<u>વિષય :- COVID-19 મહામારી દરમ્યાન મોટર વ્હીકલ એકટ, ૧૯૮૮ અને સેન્ટ્રલ મોટર વ્હીકલ રૂલ્સ, ૧૯૮૯ હેઠળના દસ્તાવેજોની માન્યતા બાબત.</u>**

માનનીયશ્રી,

જય ભારત સાથ જણાવવાનું કે ઉપરોકત બાબતે આપની કચેરી માંથી પત્ર ક્રમાંક નં ડીએલ/ફા.નં.COVID-19/ઓન/૭૪૨૨ તા.૨૮-૦૯-૨૦૨૦થી એડવાઈઝરી મુજબ વાહન અને લાયસન્સ (શિખાઉ લાયસન્સ સિવાય) લગતાં ડોકયુમેન્ટસને વેલીડીટી તા.૩૧-૧૨-૨૦૨૦ સુધી માન્ય રાખવાનો આદેશ આપેલ છે. જે ભારત સરકારના રોડ ટ્રાન્સપોર્ટ હાઈવે મંત્રાલયના પત્ર નં આરટી-૧૧૦૩૬/૩૫/૨૦૨૦/એમવીએલ તા.૨૪-૦૮-૨૦૨૦ના અનુસંધાને કરેલ.

ત્યારબાદ ભારત સરકારના રોડ ટ્રાન્સપોર્ટ હાઈવે મંત્રાલયના પત્ર તા.૨૭-૧૨-૨૦૨૦ પ્રમાણે ઉપરોકત જણાવેલ દરેક ડોકયુમેન્ટસને તેની અવધિ તા.૩૧-૦૩-૨૦૨૧ સુધી માન્ય રાખવાની એડવાઈઝરી માટેનો કોઈપણ પત્ર અમારા મુજબ આપની કચેરી માંથી મોકલેલ નથી.

અમારી જાણકારી મુજબ ભારતના બીજા રાજયોમાં આ એડવાઈઝરીનો અમલ થયેલ છે, પણ અમને મળેલ ફરીયાદ મુજબ મધ્ય પ્રદેશના કોઈ એક વાહનને ગયા અઠવાડિયે વલસાડ આર.ટી.ઓ. દ્વારા રોકવામાં આવેલ અને તેમને નેશનલ પરમીટની અવધિ પુરી થઈ ગઈ છે તેમ જણાવી ગુજરાત રાજયનો ટેક્ષ ભરવા ફરજ પાડવામાં આવેલ. આ બાબતે અમોએ આપની કચેરીમાં તેમજ આર.ટી.ઓ. વલસાડ સાથે ઉપરોકત બાબતની કેન્દ્ર સરકારની તા.૩૧-૦૩-૨૦૨૧સુધીની ગાઈડલાઈન માટે ચર્ચા કરેલ, પણ તે બાબતનું કોઈ સમાધાન મળેલ નથી.

આપને આ બાબતે અમારી નમ્ર વિનંતી છે કે આ બાબતની ગુજરાત રાજયમાં આદેશની ચોખવટ મળે તો આવી ગાડીઓને ગુજરાતમાં કોઈ તકલીફ ન પડે અને જો આપણાં રાજયમાં આ બાબતનો પાલનનો આદેશ ના થવાનો હોય તો અમો પડોશી રાજય તેમજ અન્ય રાજયમાં જાણકારી આપી દઈએ કે વેલીડ નેશનલ પરમીટ/ઓથોરાઈઝેશન વગર કોઈપણ ગાડીને ગુજરાત રાજયમાં મોકલવી નહી.

ઉપરોકત બાબતે આપના તરફથી સત્વરે નિરાકરણની આશા સહ.

આભાર સહ,

આપના વિશ્વાસુ,

**મુકેશભાઈ સી. દવે**
(કાર્યકારી પ્રમુખ)

**હસુભાઈ એન. ભગદેવ**
(માનદમંત્રી)